ઈસુના નવા વર્ષે જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ભેટ, કેબિનેટમાં નિર્ણય લેવાયો

# રાજ્યમાં 9 નવી મહાનગરપાલિકાને કેબિનેટની મંજૂરી

**નવસારી**, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, મોરબી, પોરબંદર અને ગાંધીધામ એમ કુલ ૯ નગરપાલિકા મહાનગરપાલિકા તરીકે કાર્યરત કરાશે

**હાલમાં** વહીવટદાર નીમાશે, નવેસરથી સીમાંકન સહિતની પ્રક્રિયા પૂર્ણ થતાં નવેક મહિના લાગશે

**હવે** રાજ્યમાં ૧૭ મહાનગરપાલિકા અને ૧૪૯ નગરપાલિકા

ગાંધીનગર: સીએમ ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને આજે ગાંધીનગરમાં વર્ષ 2025ના પહેલા જ દિવસે મળેલી મંત્રીમંડળની બેઠકમાં રાજ્યમાં એક સાથે નવી ૯ મહાનગરપાલિકાની રચનાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રીના નેતૃત્વની વર્તમાન સરકારે ૨૦૨૪-૨૫ના બજેટમાં નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર/ વઢવાણ, મોરબી, પોરબંદર/ છાયા અને ગાંધીધામ એમ કુલ ૯ નગરપાલિકાને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. કેબિનેટમાં આ ૯ મહાનગરપાલિકાની રચનાને મંજૂરી આપીને તેમને તાત્કાલિક અસરથી કાર્યરત કરી છે.

જો કે આ મનપા વિસ્તારમાં હાલમાં વહીવટદાર નીમાશે, તે પછી તેનું નવેસરથી સીમાંકન કરાશે, વોર્ડ તથા બેઠકોની સંખ્યા નક્કી થશે, એટલે વાસ્તવિક રીતે મનપા કાર્યરત થતા 9 મહિના લાગશે.

કેબિનેટમાં લેવાયેલા નિર્ણયની વિગતો આપતાં પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતમાં હાલ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને ગાંધીનગર મળી કુલ ૮ મહાનગરપાલિકા કાર્યરત છે. આ પૈકી જુનાગઢ મહાનગરપાલિકાની વર્ષ ૨૦૦૨માં અને ગાંધીનગર મહાનગરપાલિકાની વર્ષ ૨૦૧૦માં રચના કરવામાં આવેલી છે, ત્યારબાદ લગભગ ૧૪ વર્ષ બાદ આ નવી ૯ મહાનગરપાલિકાની રચના થઈ રહી છે. આના પરિણામે રાજ્યમાં હાલની મહાનગરપાલિકાઓની સંખ્યા કરતા બે ગણી એટલે કે ૧૭ મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવી છે, હવે નગરપાલિકાની સંખ્યા ૧૪૯ થશે.

## રોડ-રસ્તા, ગટર, પીવાનું શુદ્ધ પાણી સહિત લોકોની સુવિધાઓમાં વધારો થશે

પટેલે જણાવ્યું હતું કે નગરપાલિકા/ગ્રામપંચાયતો મહાનગરપાલિકામાં રૂપાંતરિત થવાથી ત્વરિત, કાર્યક્ષમ અને પારદર્શી પ્રક્રિયા સાથે વહીવટ વધુ સુદૃઢ થશે. આ ઉપરાંત રોડ-રસ્તા, ગટર વ્યવસ્થા, સ્વચ્છતા, પીવાનું શુદ્ધ પાણી, સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, આરોગ્યલક્ષી સેવાઓ, શિક્ષણ, સ્ટ્રીટલાઇટ, બાગ બગીચા, કોમ્યુનિટી હોલ તથા ટ્રાન્સપોર્ટેશન વગેરે જેવી પાયાની સુવિધાઓ સુનિયોજિત રીતે મળતી થશે. મહાનગરપાલિકામાં જે ગ્રામ્ય વિસ્તારો ભેળવવામાં આવે છે તેના નાગરિકોને તમામ નાગરિક સુવિધાઓ સમયસર અને સુઆયોજિત મળી રહે તે માટે રાજ્ય સરકાર જરૂરી તમામ નાણાંકીય તેમજ વહીવટી સહકાર પૂરો પાડશે અને આ વિસ્તારના લોકોની સુવિધાઓમાં અનેકગણો વધારો થાય તે સુનિશ્ચિત કરવાની રાજ્ય સરકારની નેમ છે.

## કઈ મહાનગરપાલિકામાં કયા વિસ્તારો સમાવાશે?

નવસારી નગરપાલિકા તેમજ દાંતેજ, ધારાગીરી, એરુ અને હાંસાપોર ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઇને નવસારી મહાનગરપાલિકા બનશે. ગાંધીધામ નગરપાલિકા તેમજ કિડાણા, ગળપાદર, અંતરજાળ, શિણાય, મેઘપર-બોરીચી અને મેઘપર-કુંભારડી ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઇને ગાંધીધામ મહાનગરપાલિકા બનશે. મોરબી નગરપાલિકા તેમજ શક્તસનાળા, રવાપરા, લીલાપર, અમરેલી, નાની વાવડી, ભડીયાદ (જવાહર), ત્રાજપર (માળીયા વનાળીયા), મહેન્દ્રનગર (ઈન્દિરાનગર) અને માધાપર/વજેપર ઓજી ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઇને મોરબી મહાનગરપાલિકા બનશે. વાપી નગરપાલિકા તેમજ બલિઠા, સલવાવ, છીરી, છરવાડા, ચણોદ, કરવડ, નામધા, ચંડોર, મોરાઈ, વટાર, કુંતા ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઇને વાપી મહાનગરપાલિકા બનશે. આણંદ, વલ્લભવિદ્યાનગર અને કરમસદ નગરપાલિકા તેમજ મોગરી, જીટોડીયા, ગામડી અને લાંભવેલ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઇને આણંદ મહાનગરપાલિકા બનશે. મહેસાણા નગરપાલિકા તેમજ ફતેપુરા, રામોસણા, રામોસણા N.A. વિસ્તાર, દેદીયાસણ, પાલાવાસણા, હેડુવા રાજગર, હેડુવા હનુમંત, તળેટી અને લાખવડ ગ્રામ પંચાયતો ઉપરાંત પાલોદર, પાંચોટ, ગિલોસણ, નુગર, સખપુરડા અને લાખવડ ગ્રામ પંચાયતોના કેટલાક સર્વે નંબરવાળા વિસ્તારો સમાવિષ્ટ થઇને મહેસાણા મહાનગરપાલિકા બનશે. સુરેન્દ્રનગર/ દૂધરેજ/ વઢવાણ નગરપાલિકા તેમજ ખમીસણા, ખેરાળી, માળોદ, મુળચંદ અને ચમારજ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઇને સુરેન્દ્રનગર મહાનગરપાલિકા બનશે. પોરબંદર/ છાયા નગરપાલિકા તેમજ વનાણા (વિરપુર), દિગ્વીજયગઢ, રતનપર અને ઝાવર ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઇને પોરબંદર મહાનગરપાલિકા બનશે. નડિયાદ નગરપાલિકા તેમજ યોગીનગર, પીપલગ, ડુમરાલ, ફતેપુરા, કમલા, માંજીપુરા, ડભાણ, બીલોદરા, ઉત્તરસંડા અને ટુંડેલ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઇને નડિયાદ મહાનગરપાલિકા બનશે.

## નાગરિકોનું જીવન ધોરણ ઊંચું આવશે, સુખાકારી વધશે

મહાનગરપાલિકાઓમાં શહેરી આયોજન (અર્બન પ્લાનિંગ) ટી.પી. સ્કીમ આધારિત અને ઓર્ગેનાઇઝ્ડ રીતે થતું હોવાથી ઉપલબ્ધ જમીનનો મહત્તમ ઉપયોગ થાય છે. મહાનગરપાલિકાઓમાં સુનિયોજિત રોડ રસ્તા, કોમર્શીયલ, શૈક્ષણિક, કોમ્યુનિટી, રમતગમતનાં મેદાન જેવા હેતુ માટે જમીન ફાળવવામા આવશે. મહાનગરપાલિકા બનવાથી તેમાં વસતા લોકો ઉપરાંત નજીકના વિસ્તારોમાં વસતા લોકો માટે રોજગારીની વિપુલ તકો ઉપલબ્ધ થશે. આ વિસ્તારોમાં એક જ કેન્દ્ર પરથી વધુ વ્યાપક પ્રમાણમાં સેવાઓ પૂરી પાડી શકાશે અને નાગરિકોનું જીવનધોરણ ઊંચું આવશે, એટલું જ નહિ, સમયાંતરે નવી મહાનગરપાલિકાઓમાં બી.આર.ટી.એસ., મેટ્રો રેલ, રિવરફ્રન્ટ જેવા વિશેષ પ્રોજેક્ટ્સ અમલમાં આવશે, તેથી નાગરિકોની સુખાકારીમાં વધારો થશે.

# બનાસકાંઠા જિલ્લાનું વિભાજન, નવો વાવ-થરાદ જિલ્લો અસ્તિત્વમાં આવશે

ગાંધીનગર: રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ઉત્તર ગુજરાતને નવા જિલ્લાની ભેટ રૂપે બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લા બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. હાલનો બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં તાલુકાઓની સંખ્યાની દ્રષ્ટિએ સૌથી વધુ ૧૪ તાલુકાઓ ધરાવે છે, એટલું જ નહીં વિસ્તારની દ્રષ્ટિએ પણ બીજા ક્રમનો જિલ્લો છે. સીએમ ભૂપેન્દ્ર પટેલે કેબિનેટ બેઠકમાં વસ્તી, વિસ્તાર અને તાલુકાઓનું ભારણ ઘટે અને લોકોને સરકારી સવલતો વધુ સુગમતાથી મળી રહે તે માટે વિશાળ જનહિતમાં આ બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લાઓ વાવ-થરાદ અને બનાસકાંઠા નામે બનશે.

કેબિનેટ પ્રવક્તા ઋષિકેશ પટેલે બનાસકાંઠા જિલ્લાના વિભાજન બાદ નવા રચાનારા વાવ-થરાદ જિલ્લા અંગેની વિગતો આપતા કહ્યું કે, હાલ આ જિલ્લાના ૧૪ તાલુકામાંથી નવા બનનાર વાવ-થરાદ જિલ્લામાં વાવ, ભાભર, થરાદ, ધાનેરા, સૂઈગામ, લાખણી, દિયોદર અને કાંકરેજ એમ કુલ ૮ તાલુકા તેમજ ભાભર, થરાદ, થરા અને ધાનેરા એમ ચાર નગરપાલિકાઓનો સમાવેશ થશે. બનાસકાંઠા જિલ્લામાં બાકીના ૬ તાલુકા પાલનપુર, દાંતા, અમીરગઢ, દાંતીવાડા, વડગામ અને ડીસા એમ કુલ ૬ તાલુકા તેમજ પાલનપુર અને ડીસા એમ બે નગરપાલિકાનો સમાવેશ થશે.

# કેરળની નર્સ કેવી પરિસ્થિતિમાં યમનમાં હત્યાના કેસમાં ફસાઈ ગઈ?



યમનમાં મૃત્યુદંડની સજા આપવામાં આવેલ કેરળની નર્સ નિમિષા પ્રિયાના પરિવારજનોએ ભારત સરકાર પાસે તાત્કાલિક મદદની માંગણી કરી છે. નિમિષા હાલમાં યુદ્ધગ્રસ્ત દેશ યમનમાં સ્થાનિક વ્યક્તિ તલાલ અબ્દો મહદીની હત્યા માટે મૃત્યુદંડનો સામનો કરી રહી છે. ભારતમાં ગરીબી અને બેકારીથી બચવા ગરીબ લોકો નોકરીની લાલચે વિદેશમાં જાય છે. ત્યાં તેમના પર જાતજાતના અત્યાચારો ગુજારવામાં આવે છે. આવા અત્યાચારોથી બચવા જતાં હત્યાના કેસમાં ફસાઇ ગયેલી નિમિષાની કથા હૈયું હચમચાવી દે તેવી છે. યમનની સુપ્રીમ જ્યુડિશિયલ કાઉન્સિલે તેની અરજી ફગાવી દીધી છે. યમનમાં શરિયા કાયદો છે અને કોર્ટે તેમને એક છેલ્લી તક આપી છે. જો પીડિતાનો પરિવાર તેને માફ કરી દે તો તે સજામાંથી બચી શકે છે. યમનના રાષ્ટ્રપતિ રશાદ મુહમ્મદ અલ-અલિમીએ સોમવારે નિમિષા પ્રિયાની ફાંસીની સજાને મંજૂરી આપી દીધી છે. નિમિષા પર ૨૦૧૭માં યમનના નાગરિક તલાલ અબ્દો મહદીની હત્યા કરવાનો આરોપ છે. ત્યારથી તે જેલમાં છે. નિમિષા કેરળના પલક્કડની રહેવાસી છે. તેને ફાંસીની સજામાંથી બચાવવા માટે તેના વતનમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે સેવ નિમિષા ઈન્ટરનેશનલ એક્શન કમિટી નામે અભિયાન વતી ભારત સરકારને હસ્તક્ષેપ કરવા અપીલ કરવામાં આવી છે.

ભારત સરકારે ૨૦૧૭ માં તેનાં નાગરિકોને યમનની મુસાફરી પર પ્રતિબંધ મૂક્યો હતો. નિમિષા માટે અભિયાન ચલાવતા જૂથ સેવ નિમિષા પ્રિયા ઈન્ટરનેશનલ એક્શન કાઉન્સિલે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે કે નિમિષાની માતા અને તેની ૧૧ વર્ષની પુત્રી મિશાલને સના જવા દેવામાં આવે. ભારતીય અધિકારીઓએ તેમની વિનંતીને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે જ્યારે યમનમાં રાજદ્વારી પ્રવેશ ન હોય ત્યારે તેમની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાતી નથી. સના હુથી બળવાખોરોનો કબજો છે, જેઓ વર્ષોથી યમનની સત્તાવાર સરકાર સાથે સંઘર્ષમાં છે. યમનની સરકાર સાઉદી અરેબિયામાં નિર્વાસિત છે. ભારતની સરકારનાં સૂત્રો હુથી બળવાખોરોને ઓળખતા નથી, તેથી યમનની મુસાફરી ભારતીય નાગરિકો માટે જોખમથી ભરપૂર છે.

ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

નિમિષા સારા ભવિષ્યનાં સપનાં સાથે યમન ગઈ હતી અને આજે તે ત્યાં મોતનો સામનો કરી રહી છે. નિમિષાની માતાનું કહેવું છે કે તેની પુત્રી અભ્યાસમાં તેજસ્વી હતી અને સ્થાનિક ચર્ચે તેને અભ્યાસમાં મદદ કરી હતી અને ડિપ્લોમા કોર્સ માટે પૈસા પણ આપ્યા હતા પરંતુ તેને કેરળમાં નર્સ તરીકે નોકરી મળી શકી ન હતી, કારણ કે તેણે ડિપ્લોમા કરતાં પહેલાં તેનો અભ્યાસ પૂર્ણ કર્યો ન હતો. આવી સ્થિતિમાં યમનમાં નોકરી મેળવવી એ તેમના માટે ગરીબીની ચુંગાલમાંથી બચવાની સારી તક હતી. ૨૦૧૧ માં નિમિષા ટોમી થોમસ સાથે લગ્ન કરવા માટે ઘરે આવી હતી અને પછી બંને યમન ગયાં હતાં, જ્યાં તેને ઇલેક્ટ્રિશિયનના આસિસ્ટન્ટ તરીકે નોકરી મળી હતી પરંતુ તેને માત્ર નજીવો પગાર મળતો હતો. ડિસેમ્બર ૨૦૧૨માં તેમની પુત્રીનો જન્મ થયો હતો અને ત્યાર બાદ દંપતી માટે ઘરનો ખર્ચ ઉઠાવવો મુશ્કેલ બની ગયો હતો. ૨૦૧૪ માં પતિ થોમસ કોચી પાછો ફર્યો હતો. ૨૦૧૪ માં નિમિષાએ તેની ઓછી વેતનવાળી નોકરી છોડીને ક્લિનિક ખોલવાનું નક્કી કર્યું. યમનના કાયદા હેઠળ, આ કરવા માટે સ્થાનિક ભાગીદાર હોવું જરૂરી છે. મહદી કપડાની દુકાન ચલાવતો હતો અને નિમિષા જ્યાં કામ કરતી હતી તે ક્લિનિકમાં તેની પત્નીએ એક બાળકીને જન્મ આપ્યો હતો. નિમિષા જાન્યુઆરી ૨૦૧૫માં ભારત આવી ત્યારે મહદી તેની સાથે આવ્યો હતો. નિમિષા અને તેના પતિએ તેમના મિત્રો અને પરિવાર પાસેથી પૈસા લઈને લગભગ રૂ. ૫૦ લાખ એકત્ર કર્યા અને એક મહિના પછી નિમિષા પોતાનું ક્લિનિક ખોલવા યમન પરત ફરી. તેણીએ પેપરવર્ક પણ શરૂ કરી દીધું હતું જેથી તેણીનો પતિ અને પુત્રી યમન પરત ફરી શકે, પરંતુ તે દરમિયાન યમનમાં ગૃહયુદ્ધ શરૂ થયું અને તેથી તે મુસાફરી કરી શકી નહીં.

આગામી બે મહિનામાં, ભારતે યમનમાંથી તેના ૪,૬૦૦ નાગરિકો અને ૧,૦૦૦ વિદેશી નાગરિકોને બહાર કાઢ્યાં હતાં. નિમિષા એવાં થોડાં લોકોમાં હતી, જેઓ પાછાં નહોતાં ફર્યાં. તેમણે ત્યાં એટલા પૈસા રોક્યા હતા કે તે આ બધું છોડીને પરત આવી શકે તેમ નહોતી. ક્લિનિક સારી રીતે ચાલવા લાગ્યું હતું પરંતુ આ સમયે નિમિષાએ પણ મહદી વિશે ફરિયાદ કરવાનું શરૂ કર્યું હતું. માહદીએ નિમિષાના લગ્નના ફોટા તેના ઘરમાંથી ચોરી લીધા હતા અને બાદમાં તેણે નિમિષા સાથે લગ્ન કર્યા હોવાનો દાવો કરવા માટે તેમની સાથે છેડછાડ કરી હતી. મહદીએ નિમિષાને અનેક પ્રસંગોએ ધમકાવી હતી અને તેનો પાસપોર્ટ છીનવી રાખ્યો હતો. જ્યારે નિમિષાએ આ અંગે પોલીસમાં ફરિયાદ કરી ત્યારે પોલીસે તેને છ દિવસ માટે જેલમાં પૂર્યો હતો. થોમસને પહેલી વાર ૨૦૧૭માં એક ટી.વી. ન્યૂઝ ચેનલ દ્વારા મહીદની હત્યાની જાણ થઈ હતી. એક મહિના પછી નિમિષાની સાઉદી અરેબિયા સાથેની યમનની સરહદ નજીકથી ધરપકડ કરવામાં આવી હતી.

થોમસને યમનથી સમાચાર મળ્યા કે નિમિષાની તેના પતિની હત્યાના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. સમાચારની હેડલાઈન હતી કે પતિની હત્યાના આરોપમાં મલયાલી નર્સ નિમિષાની ધરપકડ, લાશના ટુકડા કરવામાં આવ્યા. થોમસ માટે આ આઘાતજનક હતું કારણ કે તે પોતે નિમિષાનો પતિ હતો. મહદીનો વિકૃત મૃતદેહ પાણીની ટાંકીમાંથી મળી આવ્યો હતો. દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે મહદીએ ક્લિનિકના માલિકી દસ્તાવેજો સાથે છેડછાડ કરી હતી અને તેને પોતાના હોવાનો દાવો કર્યો હતો. તેણે ક્લિનિકમાંથી પૈસા પણ લેવાનું શરૂ કર્યું હતું અને નિમિષાનો પાસપોર્ટ પોતાની પાસે રાખ્યો હતો. થોમસે જણાવ્યું કે ધરપકડના થોડા દિવસો બાદ નિમિષાએ તેને ફોન કર્યો હતો. તે દરમિયાન તે ખૂબ જ રડી રહી હતી. તેણીએ કહ્યું કે તેણે આ બધું મારા અને બાળક માટે કર્યું છે. તે સરળ રસ્તો પસંદ કરી શકી હોત અને મહદી સાથે આરામદાયક જીવન જીવી શકી હોત પરંતુ તેણે તેમ ન કર્યું. નિમિષાનો મહદીને મારવાનો ઈરાદો નહોતો. તે પોતે આ વાર્તામાં પીડિત છે. મહદીએ તેનો પાસપોર્ટ રાખ્યો હતો અને તે પાસપોર્ટ પાછો લઈ પોતાની જાતને મહદીની ચુંગાલમાંથી મુક્ત કરવા માંગતી હતી. તેણે બેહોશ કરવાની દવા આપી હતી, પણ ડોઝ થોડો વધારે અપાઈ જતાં મહદીનું મોત થયું હતું.

ગલ્ફ દેશોમાં અર્ધ-કુશળ અને અકુશળ કામદારોની થતી હેરાનગતિની વાર્તા નવી નથી. સામાજિક કાર્યકર્તાઓનું કહેવું છે કે આ ક્ષેત્રના ઘણા દેશોમાં એવી પ્રથા છે કે જેઓ કામદારોને કામ પર લઈ જાય છે. તેઓ તેમનો પાસપોર્ટ પોતાની પાસે રાખે છે. તેને ત્યાં કફાલા કહેવાય છે. ચંદ્રન નિમિષાની માતાના વકીલ છે. તે કહે છે કે કફાલાનો ભોગ બનેલી મોટા ભાગની ભારતીય મહિલાઓ ઘરેલું મદદગાર તરીકે મધ્ય પૂર્વમાં જાય છે. તેમણે કહ્યું કે નિમિષાને ન્યાયી કાનૂની સુનાવણી પણ મળી ન હતી. કોર્ટે એક જુનિયર વકીલ આપ્યો હતો, પરંતુ તે પણ નિમિષાને મદદ કરી શક્યો નહીં કારણ કે તે અરબી નથી જાણતી. તેને કોઈ અનુવાદક આપવામાં આવ્યો ન હતો.

સેવ નિમિષા કાઉન્સિલના વાઇસ ચાન્સેલર અને સામાજિક કાર્યકર્તા દીપા જોસેફે જણાવ્યું હતું કે મહદીના પરિવારની માફી માંગવાનો અને બ્લડ મની આપવાનો એકમાત્ર વિકલ્પ છે. બ્લડ મની એ પૈસા છે જે પીડિતના પરિવારને માફીના બદલામાં આપવાના હોય છે. કેરળના એક પ્રખ્યાત ઉદ્યોગપતિએ આ માટે ૧ કરોડ રૂપિયા આપવાનું કહ્યું છે. કેરળનાં લોકો અને બહાર રહેતાં લોકો પણ આમાં મદદ કરશે. જ્યારે યમનની સુપ્રીમ કાઉન્સિલે નિમિષાની અરજી ફગાવી દીધી હતી ત્યારે થોમસે તેની પત્ની સાથે વાત કરી હતી. નિમિષા ચિંતિત હતી. થોમસે કહ્યું કે મેં તેને હિંમત આપવાનો પ્રયાસ કર્યો અને તેને કહ્યું કે તેઓ તેનો જીવ બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

**સેવ નિમિષા કાઉન્સિલના વાઇસ ચાન્સેલર અને સામાજિક કાર્યકર્તા દીપા જોસેફે જણાવ્યું હતું કે નર્સ માટે મહદીના પરિવારની માફી માંગવાનો અને બ્લડ મની આપવાનો એકમાત્ર વિકલ્પ છે**

## BUSINESS મિત્ર

# વર્ષ 2025ને રોકાણકારોએ વધાવ્યું, નિફ્ટીએ 23700 અને બેન્ક નિફ્ટીએ 51000ની સપાટી કુદાવી

**મારૂતિની** પાછળ ઓટો શેરોમાં ચમક રહી

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 1:** વર્ષ 2025નો શેરબજારમાં શુભારંભ રોકાણકારો માટે સારો રહ્યો હતો. આજે ભારતીય શેરબજારમાં તેજીનો માહોલ જોવા મળ્યો હતો. જેમાં નિફ્ટીએ 23700 અને બેન્ક નિફ્ટીએ 51000 પોઈન્ટની સપાટી કુદાવી દીધી હતી. જેમાં મારૂતિ સુઝુકીના ડિસેમ્બર મહિનામાં વેચાણમાં 30 ટકાનો ઉછાળો રહ્યો હતો, જેથી મારૂતિની આગેવાની હેઠળ ઓટો શેરોમાં ચમક જોવા મળી હતી. તેની સાથે સતત ઘટી રહેલા મીડિયા શેરોમાં આજે રીકવરીનો માહોલ જવા મળ્યો હતો. આ સાથે કન્ઝ્યુમર ડયુરેબલ શેર વધ્યા હતા. જ્યારે રિયલ્ટી અને મેટલ શેરોમાં દબાણ જોવા મળ્યું હતું.

ભારતની ફિસ્કલ ડેફિસીટ પ્રથમ આઠ મહિનામાં રૂ. 8.5 લાખ કરોડ પર પહોંચી છે. જે બજેટના લક્ષ્યાંકને 52.5 ટકા જેટલી છે. જેમાં મુડીખર્ચ 5.13 લાખ કરોડ એટલે કે 46.2 ટકા રહ્યો હતો, જેમાં બજેટ લક્ષ્યાંક 11.1 કરોડનો હતો.

બ્રોડર માર્કેટમાં પણ સ્મોલકેપ શેરોએ બાજી મારી હતી. આજે સ્મોલકેપ શેરોમાં એક ટકાથી વધુનો ઉછાળો જોવાયો હતો, જ્યારે મિડકેપ શેરોમાં સુધારો રહ્યો હતો. એકંદરે શેરબજારમાં સતત સુધારાની ચાલ જોવા મળી હતી. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.50 ટકા વધ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 1.03 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહી હતી. બીએસઇ ખાતે 2746 શેરો વધ્યા હતા, જ્યારે 1239 શેરો ઘટયા હતા, જ્યારે 87 શેરો યથાવત રહ્યા હતા.

બીએસઇ સેન્સેક્સ 368.40 પોઈન્ટ એટલે કે 0.47 ટકા વધીને 78507.41 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78756.49 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77898 પોઈન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટી 98.10 પોઈન્ટ એટલે કે 0.41 ટકા વધીને 23742.90 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટીએ 23700 પોઈન્ટની સપાટી કુદાવી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23822 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23563 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 200.40 પોઈન્ટ એટલે કે 0.39 ટકા વધીને 51000 પોઈન્ટની સપાટી કુદાવીને 51060.60 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો.

બીએસઇ ખાતે સેન્ચુરી પ્લાયબોર્ડમાં 7.16 ગણા, ગો ડિજીટ જનરલ ઈન્સ્યોરેન્સમાં 4.36 ગણા, ટીવીએસ હોલ્ડીંગ્સમાં 3.91 ગણા, એસજેવીએનમાં 3.48 ગણા, કલ્પતરૂ પ્રોજેક્ટમાં 3.45 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે તાન્લા પ્લેટફોર્મમાં 481.6 ગણા, સેન્ચુરી પ્લાયબોર્ડમાં 24.93 ગણા, એસજેવીએનમાં 12.48 ગણા, ગો ડીજીટ જનરલ ઈન્સ્યોરેન્સમાં 8.98 ગણા, મહાનગર સીમલેસમાં 6.57 ગણા કામકાજ નોંધાયા છે.

ઓટો શેરોમાં આજે તેજીનો માહોલ જોવા મળ્યો હતો. નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 1.24 ટકા વધ્યો છે. જેમાં મારૂતિ, મહિન્દ્રા-મહિન્દ્રા, ટીવીએસ મોટર, આઈશર મોટર, ટાટા મોટર્સ, એક્સાઈડ ઈન્ડ. અશોક લેલેન્ડ, હીરો મોટોકોર્પ અને ભારત ફોર્જ વધ્યા હતા. બીજી તરફ, બાલકૃષ્ણ ઈન્ડ., એમઆરએફ અને બજાજ ઓટો ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે નવા વર્ષના પગલે યુરોપિયન અને એશિયન બજારો બંધ રહ્યા હતા. જ્યારે અમેરિકાના બજારો ઓવરનાઈટ નજીવા વોલ્યુમ સાથે નીચા બંધ રહ્યા હતા. નવા વર્ષના પગલે અમિરકાના બજારો આજે બંધ રહેશે.




### નવા વર્ષની શરૂઆતમાં પણ રૂપિયો ઘટયો

કરન્સી બજારમાં આજે નવા વર્ષની શરૂઆતમાં રૂપિયામાં ઘટાડાથી જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયામાં બે પૈસાના નજીવા ઘટાડા સાથે 85.64ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં 85.62ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સી બજારો નવા વર્ષના પગલે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 368.40 | 78507.41 |
| નિફ્ટી | 98.10 | 23742.90 |
| બેન્ક નિફ્ટી | 200.40 | 51060.60 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મારૂતિ સુઝુકી | 3.22 | 11208.30 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.49 | 3082.00 |
| લાર્સન-ટુબ્રો | 1.66 | 3667.50 |
| બજાજ ફાઇનાન્સ | 1.65 | 6935.30 |
| આઇશર મોટર | 1.31 | 4885.30 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિન્દાલ્કો | 1.58 | 592.95 |
| ડો. રેડ્ડીઝ લેબ | 1.40 | 1368.00 |
| અદાણી પોર્ટસ | 1.01 | 1218.70 |
| ઓએનજીસી | 0.96 | 236.95 |
| ટાટા સ્ટીલ | 0.95 | 136.74 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મારૂતિ સુઝુકી | 3.26 | 11221.20 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.45 | 3080.70 |
| બજાજ ફાઇનાન્સ | 1.69 | 6936.65 |
| લાર્સન-ટુબ્રો | 1.64 | 3667.20 |
| ટાટા મોટર્સ | 1.15 | 749.25 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 0.98 | 136.75 |
| અદાણી પોર્ટસ | 0.80 | 1219.10 |
| ઝોમેટો | 0.54 | 276.50 |
| એચસીએલ ટેક્નો | 0.27 | 1913.15 |
| એસબીઆઇ | 0.21 | 793.35 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૯૧ | ૫૦/૩૬ '' | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૨ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૨૯ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૯ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૫ |
| ૬૮/૩૬ | ૧૩૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૦ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૨ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૩૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૭ | ૮૦/૭૨ રોટો | ૧૨૯ | ૭૫ ક્રિમ્પ | ૧૩૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૦ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૧.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૨૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૧.૫ | ૮૦/૭૨ રોટો | ૧૨૭.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૮ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૧ | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૨૦૦ |
| એમ-30 | ૪૧૫૦ |
| એસ-30 | ૪૦૫૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૦૫૦ |
| એસ-30 | ૪૯૫૦ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૬૮૦ | કોપરેલ | ૪૨૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૪૮૦ | વનસ્પતિ ઘી | ૨૪૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૭૦ | સનફ્લાવર | ૨૨૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૫૦ | તલતેલ | ૫૬૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૮૦ | દિવેલ | ૨૩૭૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૯૦ | મકાઇ તેલ | ૨૪૫૦ |
| સરસીયું તેલ | ૨૭૦૦ | | |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૭૮૯૯૦ |
| તેજાબી સોનું | ૭૮૯૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૭૫૦૪૦ |
| દાગીના-બીઆઈએસ હોલમાર્ક | ૭૭૪૧૦ |
| સોનાનાં બિસ્કીટ | ૭૮૯૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૮૮૪૩૦ |
| ચાંદી સિક્કા | ૮૯૯૩૦ |

# સેબીની કડકાઈથી વાયદા બજારમાં ટર્નઓવર 16 મહિનાના નીચલા સ્તરે

**જ્યારે** રોકડાના બજારમાં સતત પાંચ મહિનાથી ઘટી રેલા ટર્નઓવરમાં 4.4 ટકાનો વધારો થયો



મુંબઇ, તા. 1: સટ્ટાકીય વેપાર પર સેબીની કડક કાર્યવાહીની શેરબજાર ઉપર સીધી અસર જોવા મળી રહી છે. ઇક્વિટી ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સરેરાશ દૈનિક ટર્નઓવર ડિસેમ્બરમાં ઘટી જઇને 16 મહિનાના તળિયે પહોંચી ગયું છે. તેની સામે સતત પાંચ મહિનાથી ઘટી રહેલા રોકડામાં ટર્નઓવર ડિસેમ્બરમાં દર મહિને 4.4 ટકાનો વધારો થયો છે.

ડિસેમ્બર મહિનામાં, બીએસઇ અને એનએસઇ પર એફ એન્ડ ઓ સેગમેન્ટમાં સરેરાશ દૈનિક ટર્નઓવર ઘટીને 280 લાખ કરોડ થઇ ગયું છે. જે ઓગસ્ટ 2023 પછીની સૌથી નીચી અને નવેમ્બર 2024ની તુલનામાં 36.56 ટકા ઓછી છે.

સૌથી મહત્વની બાબત એ છે કે, જો ડિસેમ્બરમાં વોલ્યુની સરખામણીએ સપ્ટેમ્બરના આંકડા સાથે સરખામણી કરવામાં આવેતો 48 ટકાનો ઘટાડો થયો છે. ઇન્ડેક્સ ફ્યુચર્સ ટર્નઓવરમાં સતત બીજા મહિને ઘટાડો નોંધાયો હતો. જ્યારે સ્ટોક ફ્યુચર્સ, ઇન્ડેક્સ ઓપ્શન્સ અને સ્ટોક ઓપ્શનમાં સતત ત્રીજા મહિને ઘટાડો નોંધાયો છે.

રિટેલ ટ્રેડર્સના વધતા જતા નુકશાનથી બચાવવા માટે સેબીએ મોટા કોન્ટ્રાક્ટ સાઇઝમાં ઘટાડો કર્યો, માર્જિનમાં વધારો કર્યો, ટ્રેડ થતી પ્રોડકટસની સંખ્યામાં પણ ઘટાડો કર્યો. જેના કારણે ટ્રેડિંગ વોલ્યુમમાં ઘટાડો થયો હતો. આ ઉપરાંત, વૈશ્વિક અનિશ્ચિતતાઓ અને સ્થાનિક બજારમાં ઊંચી વોલેટાલિટીને કારણે વેપારીઓએ સાવચેતીભર્યો અભિગમ અપનાવ્યો હતો. જેના પગલે ડેરિવેટિવ્ઝ માર્કેટમાં ભાગીદારીમાં ઘટાડો થયો હતો. બીજી તરફ, સાપ્તાહિક ડેરિવેટિવ્ઝ માટે મોટા કોન્ટ્રાક્ટ સાઇઝ 1લી જાન્યુઆરીથી શરૂ થઇ રહ્યા છે, જે ટ્રેડિંગ વોલ્યુમમાં વધુ ઘટાડો કરી શકે છે.

ડિસેમ્બરમાં ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ટર્નઓવર ઘટયું હતુ, પરંતુ સતત પાંચ મહિનાથી ઘટી રહેલા રોકડાના બજારમાં ટર્નઓવરમાં 4.4 ટકાનો વધારો થયો છે. જે બે બાબતોના સંકેત આપી રહ્યા છે, આઇપીઓના લિસ્ટીંગમાં સારા વળતરથી રોકાણકારોનો રસ વધ્યો છે. આ ઉપરાંત, ટોચના 500 શેરોમાં 31 જાન્યુઆરી, 2025થી આ જ દિવસના સેટલમેન્ટ રેગ્યુલેશનનો અમલ થવા જઇ રહ્યો છે. તેનાથી વાતાવરણ પણ સકારાત્મક બન્યું છે.

# નવા વર્ષમાં કયા રોકાણ કરવું ઉત્તમ બની રહેશે?

**શેરબજાર**, મ્યુચ્યુઅલ ફંડ, સોનું, રિયલ એસ્ટેટ, ફિક્સ્ડ ડિપોઝિટ કે પીપીએફ

મુંબઈ, તા. 1: નવા વર્ષ 2025નો આજથી પ્રારંભ થઈ ચુક્યો છે, ત્યારે રોકાણકારો છેલ્લા છ મહિનામાં શેરબજારમાં રોકાણમાં જે વળતરની અપેક્ષા હતી, તે મેળવવામાં સફળતા મળી નથી, ત્યારે તેઓ મુંઝવણમાં મુકાયા છે કે, નવા વર્ષમાં કયાં રોકાણ કરે તો તેઓને ઉત્તમ વળતર મળી શકે.

શેરબજાર : જો તમે લાંબા ગાળા માટે રોકાણ કરવાનું વિચારી રહ્યા છો અને થોડું વધારે જોખમ લેવા તૈયાર છો તો શેરબજારને સારૂં વળતર મળી શકે છે.

તેનું રોકાણ યોગ્ય રીતે અને વિવિધતાસભર હોવું જોઈએ. તમે સીધા શેરોમાં અથવા મ્યુચ્યુઅલ ફંડ્સ (જેનું રોકાણ શેરમાં કરવામાં આવે છે) દ્વારા પણ રોકાણ કરી શકો છો.

મ્યુચ્યુઅલ ફંડ:આમાં તમે બજારમાં સરળતાથી રોકાણ કરી શકો છો અને રિસ્ક ઘટાડી શકો છો. તમે તમારી જોખમની ભૂખ અનુસાર ઈક્વિટી, ડેટ અથવા હાઈબ્રિડ ફંડ્સ પસંદ કરી શકો છો.

સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) : સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન એ લોકો માટે છે જેઓ લાંબા ગાળા માટે રોકાણ કરવા માગે છે અને બજારની વધઘટને ટાળવા માગે છે.

એસઆઈપીમાં તમે થોડી રકમથી રોકાણ શરૂ કરી શકો છો. એસઆઈપી દ્વારા મ્યુચ્યુઅલ ફંડમાં નિયમિત રોકાણ કરવું. આ તમારા રોકાણને સમય જતાં વધવામાં મદદ કરશે.

ફિક્સ્ડ ડિપોઝિટ: એફડી એક સુરક્ષિત રોકાણ છે જે તમને એક નિશ્ચિત વળતર આપે છે. જોખમ-વિરોધી રોકાણકારો માટે તે એક સારો વિકલ્પ છે, પરંતુ તેનું વળતર શેરબજાર અથવા મ્યુચ્યુઅલ ફંડ્સ કરતા ઓછું છે.

રિયલ એસ્ટેટ:લાંબાગાળા માટે રોકાણ કરવું હોય તો રિયલ એસ્ટેટ સારો વિકલ્પ બની શકે છે. તમે રહેણાંક અથવા વ્યવસાયિક મિલકતોમાં રોકાણ કરી શકો છો અને ભાડા દ્વારા નિયમિત આવક મેળવી શકો છો.

સોનું: સોનું સુરક્ષિત રોકાણ માનવામાં આવે છે. સોનાના ભાવમાં સમયાંતરે વધઘટ થતી રહે છે, પરંતુ તે સમયસર સારો નફો આપે છે. ગોલ્ડ ઈટીએફ, સોવરેન ગોલ્ડ બોન્ડમાં રોકાણ કરી શકો છો.

પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (પીપીએફ): પીપીએફ એ લાંબા ગાળાની બચત યોજના છે જે આવકવેરાના લાભો પણ આપે છે. આ તે લોકો માટે યોગ્ય છે જે ટેક્સ બચાવવા માંગે છે અને લાંબા ગાળા માટે સુરક્ષિત રોકાણ કરવા માંગે છે.